@GSamacharUK GujaratSamacharNewsweekly

29th October 2016 Gujarat Samachar
www.gujarat-samachar.com

# નેશનલ કોંગ્રેસ ઓફ ગુજરાતી ઓર્ગેનાઈઝેશન્સ યુકે દ્વારા દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છા

**લંડનઃ** નેશનલ કોંગ્રેસ ઓફ ગુજરાતી ઓર્ગેનાઈઝેશન્સ (NCGO) યુકેના પ્રેસિડેન્ટ, એક્ઝિક્યુટિવ કમિટી, ચેરમેન ઓફ પેટ્રન્સ કાઉન્સિલ અને એડવાઈઝરી કમિટી દ્વારા યુકેમાં રહેતા તમામ ગુજરાતી/હિંદુઓને દિવાળી અને સમૃદ્ધ નૂતન વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી છે. NCGO યુકેમાં વસતા ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ કરી શકે તે માટે જે ગુજરાતી સંસ્થાઓ હજુ સુધી NCGOની સભ્ય બની નથી તે તમામને નવા પ્રેસિડેન્ટ સી. જે. રાભેરુ અને એક્ઝિક્યુટિવ કમિટી, ચેરમેન સી બી પટેલ - પેટ્રન્સ કાઉન્સિલ અને કાંતિ નાગડા - એડવાઈઝરી કમિટીએ NCGOમાં જોડાવા અનુરોધ કર્યો હતો.

NCGOના વર્તમાન સભ્યોને તેમની સંસ્થાની છેલ્લામાં છેલ્લી વિગતો નોંધાવવા વિનંતી છે જેથી NCGO જે તે સંસ્થાના સંબંધિત હોદ્દેદારો સાથે સંપર્કમાં રહી શકે. તે અંગેના ઈમેલ સેક્રેટરી અનિતા રૂપારેલિયાને info@ukncgo.org પર મોકલી આપવા સંસ્થાઓએ વિનંતી છે.

NCGOની વેબસાઈટ www.ukncgo.orgને નિયમિતપણે અપડેટ કરવામાં આવશે. ગુજરાતી કોમ્યુનિટીનો સહયોગ ખૂબ મહત્ત્વનો હોવાનું જણાવીને NCGOની ભાવિ પ્રવૃત્તિઓ માટે તેમને વેબસાઈટની વિઝીટ કરવા અપીલ કરાઈ હતી.

આ ઉપરાંત, યુકેમાં વસતા ગુજરાતીઓને લગતી સમસ્યાઓની માહિતી NCGOને પહોંચાડવા માટે ગુજરાતી સમુદાય અને સંસ્થાઓને અનુરોધ કરવામાં આવ્યો છે. જેથી NCGO તે મુદ્દાઓને સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે સરકાર સમક્ષ ઉઠાવી શકે.

NCGOએ અતિ મહત્ત્વના પ્રશ્નો ઉઠાવવા માટેના પોતાના અભિયાનોમાં મદદરૂપ થવા ગુજરાતી કોમ્યુનિટીના તમામ સભ્યોનો સહયોગ માંગ્યો છે. NCGOએ વર્ષ ૨૦૧૭માં યોજાનારા તમામ સેમિનાર/કોન્ફરન્સમાં ભાગ લેવા ગુજરાતી કોમ્યુનિટી અને સંસ્થાઓને અપીલ કરી હતી.

ગુજરાતી કોમ્યુનિટીએ અવાજ ઉઠાવવાની જરૂર છે જેથી તે સત્તાના ગલિયારામાં સંભળાય. ટાસ્ક કમિટીઓના નેતૃત્વ માટે સમર્થ વ્યક્તિઓની જરૂર હોવાનું જણાવીને NCGOએ તેના અભિયાનોનો હિસ્સો બનવાની ક્ષમતા અને દ્રષ્ટિ ધરાવતી વ્યક્તિઓને નેતૃત્વ સંભાળવા અથવા ઉદ્દેશ હાંસલ કરવાની લડતને સહયોગનો અનુરોધ કર્યો હતો.

NCGO દ્વારા શનિવાર તા.૩-૧૨-૨૦૧૬ના રોજ લાઈવ મ્યુઝિક તથા શુદ્ધ શાકાહારી સ્ટાર્ટર્સ અને બુફે ડિનર સાથે દિવાળી અને ક્રિસમસ ધમાકા પાર્ટીનું આયોજન કરાયું છે. જેમાં સહયોગ આપવા NCGO દ્વારા સૌને વિનંતી કરવામાં આવી છે.

ટિકિટ માટે એક્ઝિક્યુટિવ કમિટીના કોઈપણ સભ્યનો સંપર્ક સાધી શકાશે.

ટિકિટ માટે સંપર્ક. 07956 922 172

સી જે રાભેરુ - પ્રેસિડેન્ટ, સી બી પટેલ - ચેરમેન પેટ્રન્સ કાઉન્સિલ, પી અમીન - વાઈસ પ્રેસિડેન્ટ, કાંતિ નાગડા અને લાલુભાઈ પારેખ - એડવાઈઝરી કાઉન્સિલ, એ. રૂપારેલિયા - સેક્રેટરી, જી પી દેસાઈ - ટ્રેઝરર, એસ. દેસાઈ - આસિ. ટ્રેઝરર, જે. પટેલ - પી આર ઓ, કમિટીઃ એન. ઘીવાલા, વીમ ઓડેદરા, એમ. જાડેજા, જી એમ પટેલ, કે. પુજારા, એસ .પરીખ - પૂર્વ પ્રેસિડેન્ટ.

# બ્રેક્ઝિટની રચનાત્મક અસરો માટે ભારત અને યુકેએ સહકાર સાધવો આવશ્યક

**લંડનઃ** ભારતના યુકેસ્થિત કાર્યકારી હાઈ કમિશનર દિનેશ પટનાયકે 'Going Global: Doing Business in India' વિષયે સંબોધન કરતા જણાવ્યું હતું કે,'ભારત-યુકેના આર્થિક સંબંધો મજબૂત અને વાઈબ્રન્ટ છે પરંતુ હજુ કેટલીક ગર્ભિત સંભાવનાનો પણ ઉપયોગ કરવાનો બાકી છે. બ્રેક્ઝિટની રચનાત્મક અસરો વધે અને નકારાત્મક અસરો ઘટે તે માટે ભારત યુકે સાથે કામ કરવા આતુર છે. ગયા વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સફળ મુલાકાતના પગલે વડા પ્રધાન થેરેસા મેની આગામી ભારત મુલાકાત બન્ને દેશો વચ્ચે આર્થિક અને વાણિજ્ય સંબંધોને ઉત્તેજન આપશે.'

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા બ્રેક્ઝિટ એન્ડ ગ્લોબલ એક્સપાન્શન સમિટ અને UKIBCના સહયોગમાં ગ્રીનીચ ખાતે ૧૭ ઓક્ટોબરે 'Going Global: Doing Business in India' સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં બિઝનેસ અગ્રણીઓ અને ઈન્ડસ્ટ્રી નિષ્ણાતોએ બે દેશ વચ્ચે ચોક્કસ ક્ષેત્રોમાં વ્યાપક તકો સંબંધે ચર્ચાઓ કરી હતી. વડા પ્રધાન થેરેસા મે દ્વારા ૮ નવેમ્બરના ગાળામાં યુકેના બિઝનેસ ડેલિગેશન સાથે ભારતની મુલાકાતે જઈ રહ્યાં હોવાની



એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડેવિડ લેન્ડ્સમેન, જેસીબીના ડિરેક્ટર ફિલિપ બોવીરાટ, અલ્બ્રાઈટ સ્ટોનબ્રિજ ગ્રૂપ (ઈન્ડિયા અને સાઉથ એશિયા પ્રેક્ટિસ)ના વાઈસ પ્રેસિડેન્ટ આનંદ શાહ, ઈનોવેટ યુકેનાં યુરોપિયન એન્ડ ગ્લોબલ એન્ગેજમેન્ટના વડા ડેવિડ ગોલ્ડિંગની બનેલી બિઝનેસ પેનલે સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ એન્ડ અર્બન રીજનરેશન, ટ્રાન્સપોર્ટ સિસ્ટમ્સ, ફૂડ પ્રોસેસિંગ, હેલ્થકેર મેનેજમેન્ટ, ઓટોમોટિવ મેન્યુફેક્ચરિંગ તેમજ મુખ્ય ફિન્ટેકના ઉભરતા ક્ષેત્ર સહિત ભારત અને યુકે વચ્ચે સહકારની ચોક્કસ તકો વિશે ચર્ચા કરી હતી. તેમણે કંપનીઓને માત્ર હાજરી અને ભાગીદારી દેખાય તે પૂરતાં જ ટ્રેડ મિશન્સમાં નહિ જઈ બિઝનેસ વૃદ્ધિ માટે નક્કર ભાગીદારીના નિર્માણ માટે કંપનીઓને ભારત જવાં જણાવ્યું હતું.

CIIના યુકે ડિરેક્ટર શુચિતા સોનાલિકાએ જણાવ્યું હતું કે,'યુકે ભારતમાં ત્રીજા ક્રમનું છે અને લંડનમાં તેનો રોકાણમાં બીજો ક્રમ છે. આ મજબૂત બિઝનેસ સંપર્કોના કારણે યુકે અને ભારત વૈશ્વિક આર્થિક ફલકમાં મહત્ત્વના પાર્ટનર્સ છે. દિલ્હીમાં ૭-૯ નવેમ્બરે આયોજિત ઈન્ડિયા-યુકે ટેક સમિટ ભારતને બજાર તરીકે નિહાળતી યુકે કંપનીઓ માટે બિઝનેસ સહકાર અને નેટવર્કિંગ માટે નક્કર મંચ પૂરો પાડશે.'

UKIBCના ચીફ ઓપરેટિંગ ઓફિસર કેવિન મેક્કોલે કહ્યું હતું કે,'યુકે બ્રેક્ઝિટ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે યુકે-ભારત આર્થિક સંબંધો પર બધાની નજર છે. ભારતમાં રોકાણની તકો લાંબા સમયથી ઓળખાઈ છે. યુકે-ભારતનો વેપાર ૨૦૦૪થી ૨૦૧૪માં ૧૭૦ ટકાએ વધ્યો છે. જોકે, આ જ અરસામાં ભારતનો સમગ્રતયા વેપાર ૮૦૦ ટકા વધ્યો હોવાથી પ્રચંડ સંભાવના સ્પષ્ટ દેખાય છે. ભારતને નિકાસ બજાર તરીકે નિહાળવા યુકેના બિઝનેસીસે આ સંભાવનાને વાસ્તવિક બનાવવા એક પગલું

# ૨૭૦,૦૦૦ યુવા વર્કરોનું વેતન વાર્ષિક £૪૫૦ વધ્યું